ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
પરિપત્રક્રમાંક: શ્રી.આ.ડ/૫રિ૫૫/૩૮૫/૨૦૨૦
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૦/૦૪/૨૦૨૦

**વંચાણે લીધો :-** શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૧/૦૩/૨૦૨૦નો પરિપત્ર

**પરિપત્ર :-**

સમગ્ર રાજ્ય અને દેશમાં ફેલાયેલા નોવેલ કોરોના વાઈરસ (COVID-19) સંક્રમિત મહામારીનો ફેલાવો અટકાવવા માટે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજ્યના તમામ જિલ્લાઓ અને વિસ્તારોમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા તેમ જ હુકમો પણ જારી કરવામાં આવ્યા છે.

ઉક્ત વંચાણે લીધેલ શ્રમ આયુક્તની કચેરીના પરિપત્રથી જાહેર/ખાનગી સંસ્થાઓના માલિકો/કારખાનેદારોને તેઓની સંસ્થા/કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ/ કર્મચારીઓ/ રોજમદારો/કોન્ટ્રાક્ટના કર્મચારીઓને તા.૧૫/૦૪/૨૦૨૦ સુધી નોકરી/કામ પર ગેરહાજર હોય તો પણ હાજર છે તેમ ગણીને પગારમાંથી કપાત ન કરવા સૂચનાઓ આપેલ. ઉક્ત પરિપત્રની સૂચનાઓ કેરાજ્ય ના કલેકટરશ્રીઓ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ની કલમ 34 હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામા ની જોગવાઈઓ મુજબ જે સંસ્થાઓને આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન કે વેચાણ માટે પરવાનગી આપવામાં આવેલ છે તેને લાગૂ પડતી નથી.

આવશ્યક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો તથા ખાદ્ય પદાર્થો, દવાઓ, અન્ય જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓનું વેચાણ કરતી દુકાનો-સંસ્થાઓને લોક ડાઉન દરમિયાન ખુલ્લી રાખવાની પરવાનગી આપવામાં આવી છે. આવા કેટલાક ઉદ્યોગો અને સંસ્થાઓએ રજૂઆત કરેલ છે કે તેમના કર્મચારીઓ કામ ઉપર આવતા નથી અને સરકારશ્રીના તા.૨૧/૦૩/૨૦૨૦ ના પરિપત્રથી બહાર પાડેલ સૂચનાઓને કારણે પગારની માંગણી કરી રહ્યા છે.

આ બાબતે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે, લોકડાઉન દરમિયાન મુક્તિ અપાયેલ આવશ્યક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો અને આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનો-સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓએ તેમના નોકરીદાતાની જરૂરિયાત મુજબ હાજર થવાનું રહેશે અને તેમ નહીં કરનાર શ્રમયોગી/કર્મચારી સામે પગાર કાપવા સહિતના શિસ્તવિષયક પગલાં જે-તે નોકરીદાતા લઈ શકશે.

નોકરીદાતાઓએ સોશીયલ ડીસ્ટન્સીંગ, સ્વચ્છતા, સ્ક્રીનીંગ વગેરેની વ્યવસ્થા સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

શ્રમ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with CamScanner